# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૧૨– ૧૨– ૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ઉદ્યોગ રાજયમંત્રીશ્રી સૌરભભાઈ પટેલના વરદહસ્તે 'સ્પાર્કલ–૨૦૧૧'નું લોન્ચિંગ સંપન્ન

સુરતઃ ગુજરાત સરકારના 'વાઈબ્રન્ટ ગુજરાત ' અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે જાન્યુઆરીમાં યોજાનારા જેમ એન્ડ જવેલરી એકિઝબિશન 'સ્પાર્કલ–૨૦૧૧'ના લોન્ચિંગ સમારોહના મુખ્ય મહેમાન અને ગુજરાત રાજયના ઉદ્યોગ રાજયમંત્રીશ્રી સૌરભભાઈ પટેલે કહયું હતું કે,સુરતના વિકાસમાં ડાયમન્ડ ઉદ્યોગનો મોટો ફાળો છે જો સુરતના આ ઉદ્યોગમાં વેલ્યૂએડિશન ઉપર વધુ ઘ્યાન આપવામાં આવે તો સુરતને ડાયમન્ડ એન્ડ જવેલરી હબ બનવામાં કોઈ મુશ્કેલી નહીં નડે.રાજય સરકાર પણ ડાયમન્ડ ઉદ્યોગને સહકાર આપવા તૈયાર છે.તેમણે એમ પણ કહયું હતું કે સુરતને એર કનેકટીવિટીની બાબત અત્યારે નડતરરૂપ છે ખરી પણ એ અંગે રાજય સરકાર પણ પુરજોશમાં પ્રયાસો કરી રહી છે અને ટૂંક સમયમાં એ નડતર પણ દૂર થઈ જશે.તેમણે કહયું હતું કે,રાજયના ઔદ્યોગિક વિકાસ પાછળ સરકારની પારદર્શી નીતિ અને કાર્યપ્રણાલી ઉપરાંત અહીં ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રકચરની મહત્વની ભુમિકા છે.

તેમણે વાઈબ્રન્ટ અંતર્ગત સ્પાર્કલ–૨૦૧૧ના આયોજનની જવાબદારી સામે ચાલીને માગવા બદલ સુરતને અભિનંદન આપતા કહયું હતું કે,સુરત એ વાઈબ્રન્ટ શહેર છે.એ જે વાત હાથમાં લે છે તેમાં એ નંબરવન થઈ શકે છે.તેમણે' સ્પાર્કલ ૨૦૧૧' ઝળહળતી સફળતા પ્રાપ્ત કરશે એવો વિશ્વાસ પણ વ્યકત કર્યો હતો.

આ કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખ ડો. અજોય ભટ્ટાચાર્ય એ આમંત્રિતોને આવકારતા સ્વાગત પ્રવચનમાં કહયું હતું કે,'સ્પાર્કલ'એ માત્ર ચેમ્બરની ઈવેન્ટ નથી.ચેમ્બર અને અન્ય સંગઠનોએ સાથે મળીને હાથ ધરેલી ઈવેન્ટ છે.રાજય સરકારે જયારે આ આયોજનની જવાબદારી આપણને સોંપી છે,જે વિશ્વાસ આપણી ઉપર મુકયો છે એને સાચો ઠરાવવા અમે કટીબધ્ધ છીએ અને 'સ્પાર્કલ–૨૦૧૧'ને સફળ બનાવવા તમામ પ્રયાસો કરીશું.

ચેમ્બરના ઉપ પ્રમુખશ્રી રોહિત મહેતાએ સ્પાર્કલ વિશેનું પ્રેઝન્ટેશન રજૂ કરી ઉપસ્થિતોને આયોજનની જાણકારી આપી હતી.આ ઈવેન્ટને સફળ બનાવવા વિદેશમાં યોજાયેલા રોડશો તથા દેશના ૧૦ શહેરોમાં યોજાયેલા રોડ શો ને મળી રહેલા પ્રતિસાદની જાણકારી પણ તેમણે આપી હતી.
દિપ પ્રાગટય અને લોન્ચિંગ સેરેમની સંપન્ન થયા બાદ સુરત જવેલર્સ એસોસિયેશનના પ્રમુખશ્રી તુષાર ચોકસીએ પ્રાસગિક વકતવ્યમાં કહયુ હતું કે,સુરત ડાયમન્ડ ટ્રેડિંગમાં પણ આગળ આવે એ જરૂરી છે અને 'સ્પાર્કલ'એવી તક પુરી પાડશે.સુરતને બ્રાન્ડીગની પણ જરૂર છે.આ પ્રદર્શનમાં સુરતના કારીગરોની નવી ડિઝાઈન જોવા મળશે તો વિદેશના બાયર્સને એ વાતનો ખ્યાલ આવી શકશે કે સુરત જવેલરીમાં પણ અગ્રેસર બની શકે છે.
જેમ એન્ડ જવેલરી ફેડરેશનના શ્રી દિપક ચોકસીએ કહયું હતું કે સુરતને જવેલરી હબ બનાવવા ચેમ્બરે મોટુ પ્લેટફોર્મ પુરુ પાડયું છે.આ ઈવેન્ટને સફળ બનાવવા અમે પુરા પ્રયાસો કરીશું.

ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીના અગ્રણી વેપારી શ્રી સેવંતીભાઈ શાહે કહયું હતું કે,ડાયમન્ડ ઈન્ડસ્ટ્રીને ચેમ્બર અને અન્ય સંસ્થાઓ તેમજ સરકારનો સહકાર મળી રહયો છે ત્યારે સુરત ડાયમન્ડ જવેલરીનું હબ બની શકશે એવો મને વિશ્વાસ છે.માત્ર એર કનેકટીવિટીનું નિરાકરણ ઝડપથી થાય એના વધુ પ્રયાસો કરવા પડશે.

જેમ એન્ડ જવેલરી એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલના ગુજરાત રીજિયનના ચેરમેન શ્રી ચંદ્રકાન્ત સંઘવીએ કહયું હતું કે,અમારી રાષ્ટ્રીય બેઠક મળે છે ત્યારે સુરતની હંમેશા ચર્ચા થાય છે.ગુજરાત સરકાર જે રીતે હીરા ઝવેરાત ઉદ્યોગને સહકાર આપે છે એ અન્ય રાજયો માટે દાખલારૂપ છે.સ્પાર્કલ હવે તો બ્રાન્ડની જેમ સ્થાપિત થઈ રહી છે અને આ વખતનું પ્રદર્શન એને વધુ મજબૂત બનાવશે.

ચેમ્બરના ત.ભુ.પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ આભારવિધિ સાથે સમારંભનું સમાપન કર્યું હતું.